॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૭ તારીખે સળંગ અંક ૪૮૦, જાન્યુઆરી–૨૦૨૬, રૂા. ૫.૦૦/–



શ્રી શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ
તા. ૨૦ થી ૨૪ જાન્યુઆરી-૨૦૨૬
આયોજક : શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ



## હાર્દિક નિમંત્રણ

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ આયોજિત

# શ્રી શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ



પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ



પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ



ભાવી આચાર્ય વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજ





પ.પૂ. મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી



ઉપમહંત સ.ગુ. પુ. સ્વામી ભગવદ્જીવનદાસજી



સ.ગુ. કોઠારી પાર્ષદવર્ય જાદવજી ભગત

# શ્રી શિક્ષાપત્રી

## પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ

તા. ૨૦ થી ૨૪ જાન્યુઆરી- ૨૦૨૬

**મહોત્સવમાં પધારવા**
**હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ.**













# શ્રી પૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિરનો વાર્ષિક પાટોત્સવ તથા શ્રી ઘનશ્યામ મહારાજનો પ્રથમ વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો- નાઇરોબી

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૮ કુલ અંક-૨૦૪

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૫ અંક-૧૧ જાન્યુઆરી-૨૦૨૬
વર્ષ : ૪૦ - સળંગ અંક-૪૮૦

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ,
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીનઃ ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith


# શ્રી શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ

તા. ૨૦ થી ૨૪ જાન્યુઆરી-૨૦૨૬

આયોજક : શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ



ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૪ |
| લેખ | ૫ |
| સત્સંગ સમાચાર-દેશ | ૬ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૨૪ |
| શ્રી ઘનશ્યામ બાળસંદેશ | ૨૬ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.


- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

# તંત્રીની કલમે

ઓમકારમાં બિંદુ બની અનંત બ્રહ્માંડે તું ગાજે,પૃથ્વી પર અક્ષર બની ષડાક્ષરે મંત્ર જાતે ખાજે.
કૃષ્ણના ગીતા જ્ઞાને તું બિરાજે, શ્રીહરિના શબ્દે શિક્ષાપત્રીમાં ગાજે.

શિક્ષાપત્રી શું છે ? કોણે ગાઈ ? કોણે લખી ? ક્યાં લખી ? કોના માટે લી ? કોણ ભણે ને કોણ ભણાવે ? આવા અનેક જિજ્ઞાસુકૃત પ્રશ્નો આજે 200 વર્ષોથી પુછાઈ રહ્યા છે અને તેના અનેક પ્રકારના વિચારયુક્ત ઉત્તરો જિજ્ઞાસુઓને સ્વામિનારાયણ મંદિરમાં બિરાજતા નિષ્ઠાવાન સંતો દ્વારા અપાતા જ રહ્યા છે. તો એ જૂની પેઢી દ્વારા શિક્ષણ તરીત ન થતાં સદાય ઉભરતી નવી પેઢી માટે તો પ્રશ્ન બનીને મંદિરના દ્વારે અને આંગણે ટકરાયા જ કરે છે તેથી એક વધુ વખત માટે આ લેખ દ્વારા પ્રશ્નોત્તરોનું પુનરાવર્તન કરાવી રહ્યું છે.

અંતરના અજ્ઞાનરૂપ અંધકારનો પ્રસાર થયો અને પ્રાણીઓ દિગ્મૂઢ થયા એટલે કર્તવ્યાકર્તવ્ય વિમૂઢ થયા અને વૈદિક ધર્મ માત્રનું સર્વ પ્રકારે કેવળ પ્રાણીઓની પીડા કરવામાં જ પર્યાવસાન થયું ત્યારે કરૂણાથી જ પ્રેરાઈને સાક્ષાત અક્ષરધામથી સ્વયં શ્રીહરિએ અવતાર ધારણ કરીને જીવાત્માના મોક્ષને કરનારી છે આ શિક્ષાપત્રી છે લખી છે. શ્રીસહજાનંદ સ્વામી મહારાજે પોતે પ્રગટ કરેલી છે તે આ શિક્ષાપત્રી શતાનંદમુનિએ ગ્રંથસ્થ કરેલી છે. શ્રીસહજાનંદ સ્વામી મહારાજે આ શિક્ષાપત્રીરૂપી અમૃત આલોકમાં મુકુંદાનંદ આદિક આશ્રિતોને પ્રથમ પાન કરાવ્યું હતું.

શિક્ષાપત્રીના ચારેય અક્ષરો મંત્ર છે અને પ્રથમ અક્ષર 'શિ' એટલે કે શિક્ષણ એટલે કે કાંઈક પણ શીખવું તે છે. બીજો અક્ષર 'ક્ષા' (શાહ) એટલે કે તે શિક્ષણમાં સમાયેલ સાર સમજણ મન-બુદ્ધિ માટેનું શૈક્ષણિક પાયો છે. ત્રીજો અક્ષર 'પ' એટલે પરમાત્મા જેમાંથી સમગ્ર આત્માઓ અને અનંત બ્રહ્માંડો ઉત્પન્ન થયાં છે. અને ચોથો અક્ષર 'ત્રી' એટલે ત્રણેય લોક સમજવા એટલે સ્વર્ગ-પૃથ્વી-પાતાળ એમ ત્રણેય લોક સમજવાના છે.

શ્રીહરિ સ્પષ્ટપણે કહ્યું છે કે મેં જે શિક્ષાપત્રી અમૃત પ્રગટ કર્યું છે તે અમૃત સમસ્ત મારા ભક્તોએ પ્રતિદિન આદરથી સેવા યોગ્ય છે આ ભગવાનની આજ્ઞા છે.

હું તારો મારું બધું એ તારું બોલીએ તો ઘણું ઘણું સારું, શ્રીહરિ કહે શિક્ષાપત્રી પ્રમાણે જીવન જીવો તો હું મારા માનું

આ પ્રસંગે ગવાયેલી ગીતા જ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા કહેવાય છે. જે સ્વયં શ્રીકૃષ્ણ પરમાત્મા જ ગાય છે અને સાંભળી માત્ર એક અર્જુને જ છે. અને આજે 5000 વર્ષો પછી કલિયુગમાં હૈયેથી અને મન-બુદ્ધિ-ચિત્તથી ભ્રમિત થઈ અહંકારમાં આવતા સંસારી જીવોને ફરી એકવાર યાદ કરાવવા શ્રીસહજાનંદ સ્વામી મહારાજે મહાસુદ પાંચમ સંવત 1882 ના દિવ્ય દિવસે શિક્ષાપત્રીનું ગાન કર્યું અને તેને લેખિત પણ બનાવીને માનવ જીવન ઉદ્ધાર માટે પ્રસ્થાપિત પણ કરતા ગયા.

200 મી જયંતીએ સંકલ્પ કરીએ હું આ શિક્ષાપત્રીનો દરરોજ 10 શ્લોક કે 5 શ્લોક મનન પૂર્વક વાંચન કરીશ.

# શિક્ષાપત્રી શ્લોક - ૧૦૦

હિંમતભાઈ ઠક્કર 'રઘુવંશી' - ભુજ




શારીરકાણાં ભગવદ્ગીતાયશ્ચાવગમ્યતામ્।
રામાનુજાચાર્યકૃતં ભાષ્યમાધ્યાત્મિકં મમ॥

અને મારા આશ્રિતો હોય તેમણે શ્રીરામાનુજાચાર્યજીએ કરેલું જે વ્યાસસૂત્રનું શ્રીભાષ્ય તથા ભગવદ્ગીતાનું ભાષ્ય એ બે અમારું અધ્યાત્મશાસ્ત્ર છે એમ જાણવું.

"અવતારોના અવતારી શ્રીહરિ, સદ્ગુરુ
જ્ઞાનના શ્રેષ્ઠ પ્રચારી."

કાલીમાતાના હાજરાહજુરી પરમ ભક્ત શ્રીરામકૃષ્ણપરમહંસજીના ઉદ્બોધનથી જણાવે છે કે, સદ્ગુરુ દ્વારા મળતી કેળવણી એટલે મિજાજને કે આત્મવિશ્વાસને' ખોયા વગરની વાત સાંભળવાની રીત.

સદ્ગુરુ શ્રીહરિના પરમ શિષ્ય ભાષ્યકાર શ્રીશતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે, આત્મતત્ત્વ, માયાતત્ત્વ અને ભગવતતત્ત્વ આ ત્રણ તત્ત્વોનું જે શાસ્ત્રની અંદર નિરૂપણ કરવામાં આવ્યું હોય તે શાસ્ત્રને અધ્યાત્મ શાસ્ત્ર કહેવામાં આવે છે.

"આજ તો 'અધ્યાત્મ' કે નામ પર ધજ્જિયા
ઉડાતે હૈં.!
સમજે તે કયા હૈં, ખુદ જાને, શ્રીજી કે રાસ્તે
ચલેં જ્ઞાની કહેલાએં.!"

શતાનંદ સ્વામી સમજાવે છે કે ઉપનિષદો, ગીતા અને વ્યાસસૂત્રો આ ત્રણ ગ્રંથોની અંદર આધ્યત્મનું નિરૂપણ કરવામાં આવ્યું છે. માટે આ ત્રણ ગ્રંથો શ્રેષ્ઠ અધ્યાત્મ શાસ્ત્ર છે. મંદિરે આવતા સત્સંગીઓ આપણે સૌ પણ પોતપોતાનું મને મંથન કરીએ કે, જો આપણે આ ન જાણતા હોઈએ તો મંદિરના પ્રાંગણને 'અધ્યાત્મશાસ્ત્ર' ચર્ચા, વાર્તા ને વિચારોની આપ-લેથી ગજાવી દઈએ.!

★ ઉપનિષદ વેદનો સાર છે. તેમાં બ્રહ્મવિદ્યાઓનો ખજાનો છે. આવી બ્રહ્મવિદ્યાઓનું સંકલન કરીને વ્યાસ ભગવાને જે સૂત્રો લખ્યાં છે, તેને શારીરિક સૂત્રો કહેવામાં આવે છે.

★ રણ સંગ્રામમાં ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને જે સાંખ્યજ્ઞાનનો ઉપદેશ આપેલો છે, તેને ભગવદ્ગીતા કહેવામાં આવે છે. આ બંને શાસ્ત્રો જીવ, માયા અને ઈશ્વર તત્ત્વનું નિરૂપણ કરનારાં છે. આ બંને શાસ્ત્રો ઉપર અનેક આચાર્યોએ ભાષ્યો લખેલાં છે. તેમાં રામાનુજાચાર્યજીએ ભગવદ્ગીતા અને શારીરિક સૂત્રો પર તેમણે જીવ, માયા અને ઈશ્વર એ ત્રણેના સ્વરૂપનું યથાર્થ નિરૂપણ કરેલું છે, તેવું બીજા કોઈ આચાર્યોએ કરેલું નથી. વળી, જીવ માયા ને ઈશ્વરનો ત્રણેયનો આ પૃથ્થક સંબંધ પણ બતાવેલો છે.

અને આ બંને ભાષ્યની અંદર શ્રીજીમહારાજને પ્રિય એવું જે ભગવાનનું

સાકારપણું તેનું પણ વિસ્તારપૂર્વક પ્રતિપાદન કરેલું છે, તેથી શ્રીરામાનુજાચાર્યજીએ શારીરિક સૂત્રો અને ભગવદ્‌ગીતા ઉપર જે ભાષ્ય કરેલું છે. એ જ ભાષ્યને શ્રીજીમહારાજે પ્રમાણભૂત માનેલું છે, માટે આ બંને શાસ્ત્રોને ભાષ્યોને સંપ્રદાયમાં આધ્યાત્મ જ્ઞાન શાસ્ત્ર તરીકે માન્ય કરેલાં છે. એજ કારણથી ભક્તજનો હોય તેમણે આધ્યાત્મિક જ્ઞાનની પ્રાપ્તિને માટે આ બંને ભાષ્યોને ભણવાં અને ભણાવવાં આવો શ્રીહરિનો અભિપ્રાય છે.

"અધ્યાત્મશાસ્ત્ર પઠન પઠાવન, ભણન ભણાવન, બચ્ચાંનાં ખેલ નથી;
કે નથી વિદ્યાપીઠની ડોકટરેટ ડીગ્રી.! છે ખાંડાનાં ખેલ, સ્વાહા આહૂતિ અપાવન..!"

ઊત્તુંગ સ્થિતિમાં પહોંચેલા શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના વિનમ્ર સંતો અનંત શ્રદ્ધા અને વિરાટ વિશ્વાસથી દયપૂર્વક ઓળગોળ છે - જેના પર તે છે -

"ગુરુર્બ્રહ્મા, ગુરુર્વિષ્ણુ ગુરુર્દેવો મહેશ્વરઃ,
ગુરુર્સાક્ષાત પરઃબ્રહ્મ, તસ્મૈ શ્રીગુરુવે નમઃ"

ઈશ્વરીય જ્ઞાન સામ્રાજય સ્થિત, ગુરુ બેઠક સિંગાસન સ્થિત;
પરઃબ્રહ્મ પરમાત્મા સ્થિત, પરઃબ્રહ્મગુરુ એકરૂપ સ્થિત..!

# સત્સંગ સમાચાર - દેશ

## ભુજ મંદિરે પવિત્ર ધનુર્માસ દરમ્યાન મહામંત્રની ધૂન

આમ તો આ દિવસો કમુરતાના ગણાય છે. ઉત્તરાયણ સુધી ચાલનારા પર્વ દરમ્યાન કોઈ પણ પ્રકારનાં શુભ વ્યવહારિક કાર્યોનો નિષેધ છે. આ સુવિધા પાછળ પણ આપણા શાસ્ત્રકારોની શુભ ષ્ટિ છે. ટીવીના રીમોટમાં જેમ "Pause" બટન હોય છે, તે દબાવો એટલે ટી.વી. એટલા સમય પૂરતું વિશ્રામ અવસ્થામાં જતું રહે.ધનુર્માસ પણ સંસારી જીવો માટે "Pause" બટન જેવું કામ કરે છે. આખું વર્ષ ભરપેટ વ્યવહાર કરીને થાકેલા જીવ માટે ધનુર્માસ વ્યવહારમાંથી નિવૃત્ત થઈ પ્રભુ સ્મરણ, કીર્તન અને કથા શ્રવણમાં વીતાવે તો ફરીથી અંતર નવી દિવ્ય ઉર્જા વડે ભરાઈ જાય.

"શ્રીસ્વામિનારાયણ મહામંત્ર" ની માસિક ધૂનનું તા.16-12-2025 થી તા.14-01-





2026 સુધી આયોજન કરવામાં આવ્યું હતું. શ્રીઠાકોરજીની સવારે વહેલા થાળ ધરાવી સવારે શણગાર આરતી બાદ 6:15 થી 7:15 સુધી દરરોજ એક દિવસ તથા સમગ્ર માસ માટે ઘણા હરિભક્તો યજમાન પદે રહી ભગવાન શ્રીહરિને રાજી કરવા, સંતો અને હરિભક્તોની પ્રસન્નતાર્થે શ્રીઠાકોરજીના સાનિધ્યમાં વાજીંત્રના નાદ સાથે ધૂનની રમઝટ બોલાવતા. પૂજ્ય મહંત સ્વામી આદિ વડીલ સંતો આ પ્રસંગે તન-મન અને ધનથી સેવા કરનારા ભક્તોને અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

પૂજારી-કોઠારી અને ભંડારી સંતો આખો મહિનો ઠાકોરજી માટે વિવિધ પ્રકારના થાળ તૈયાર કરાવી તે પ્રસાદ સર્વે હરિભક્તોને પીરસતા અને સર્વે ભક્તો ધન્યતા અનુભવી વાતાવરણ ભક્તિસભર બનાવતા હતા.

## શિક્ષાપત્રી પૂજનોત્સવ



મહંત સ. ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ્વામી ભગવદ્જીવનદાસજી આદી વડીલ સંતોની આજ્ઞાઅને આશીર્વાદથી શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક - યુવતી મંડળ દ્વારા 200 શિક્ષાપત્રી પૂજન થયાં.

શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ ભુજના ઉપલક્ષમાં કચ્છ ચોવીસી, અબડાસા, વાગડ, ગુજરાત, મુંબઈ, યુ.કે., આફ્રિકા, ઓસ્ટ્રેલિયા વગેરે દેશ-વિદેશના દરેક મંદિરોમાં તથા કચ્છશ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળની થતી સભાઓ તેમજ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં આમ દરેક સ્થળે મળી કુલે 200 શિક્ષાપત્રી પૂજન કરવામાં આવ્યાં હતાં. જેમાં શિક્ષાપત્રીનું પૂજન 212 સંસ્કૃતમાં શિક્ષાપત્રી શ્લોક ગાન અને જનમંગલ નામાવલીથી સંતો દ્વારા પૂજન કરવામાં આવ્યાં હતાં. પૂજન બાદ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. બહેનો-ભાઈઓ તથા બાળકો માળી કુલે 20000 વીસ હજારથી વધુ ભક્તોએ શિક્ષાપત્રી પૂજનનો લાભ લીધો હતો.




શ્રીમદ્
શિક્ષાપત્રી
પૂજન








# થાણા સત્સંગ ભવનમાં ઉજવાયેલા ઉત્સવો
# ૨૦૯ મી વચનામૃત જયંતી એવં જામફળ ઉત્સવ



થાણા સત્સંગ ભવનમાં બિરાજતા ભગવત્સ્વરૂપોનો ૧૫ વર્ષનો 'શ્રી સહજાનંદ સુખકારી મહોત્સવ' ઉપક્રમે સંતોની પ્રેરણાથી ૨૦૯મી વચનામૃત જયંતી એવં જામફળ ઉત્સવ તા, ૨૪/૧૧/૨૫, સોમવાર માગસર સુદ–૪ના દિવસે ભાવસભર ઉજવણી કરવામાં આવી. સિંહાસનમાં બિરાજમાન સ્વામિનારાયણ ભગવાન, રાધાકૃષ્ણદેવ, ઘનશ્યામ મહારાજ, વિઘ્નવિનાયકદેવ,કષ્ટભંજનદેવ આગળ ૪૦૦ કિલો જામફળ ધરાવવામાં આવ્યા ને સંધ્યા સાથે જામફળ ઉત્સવની આરતી કરવામાં આવી હતી. ઉત્સવને અંતે ભક્તોને જામફળનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. સહુ ભક્તો ધન્ય ભાગ્યશાળી થયા.



રાત્રી સભામાં વચનામૃત મહિમા કથામાં પુ. સ્વામી જયકૃષ્ણદાસજીએ વચનામૃતનું પ્રાગટ્ય કેવી રીતે થયું એ હરિચરિત્રામૃત સાગર ગ્રંથના આધારે કહ્યું. ત્યાર બાદ પુ. સ્વામી હરિમુકુંદદાસજીએ વચનામૃત જીવનમાં કેવી રીતે મહત્વનું છે એ વાત કરી. ત્યાર બાદ સ્વામિનારાયણ ભગવાનની પરાવાણી વચનામૃતનું તુલસીપત્ર, ચંદન, અક્ષત, પુષ્પથી પૂજન



બાદ વચનામૃત સંપાદક પાંચ નંદ સંતોનું પૂજન આરતી કરી જામફળ ઉત્સવની પ્રસાદી વિતરણ કરવામાં આવી હતી.

આ ઉત્સવની તૈયારીમાં સ્વામી જયહરિદાસજી, સ્વામી બાલમુકુંદદાસજી, મયુર ભગત તેમજ યુવક-યુવતી મંડળના સભ્યો જોડાયા હતા.

સંપૂર્ણ ઉત્સવ સંચાલન તેમજ વચનામૃત પૂજન સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ કર્યું હતું.

અ-પંકજ આરેઠીયા

## ગીતા જયંતી એવં શેરડી ઉત્સવ

લીલા પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણની દિવ્ય પરાવાણી જેને કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુનને ઉપદેશ આપ્યો એ શ્રીમદ્‌ભગવદ્ ગીતા. જેને સ્વામિનારાયણ ભગવાને પોતાના અધ્યાત્મ શાસ્ત્ર તરીકે સ્થાન આપ્યું એવી ભગવદ્‌ગીતાજીને ગીતા જયંતી પર્વે કોટી કોટી વંદન...

શ્રી સહજાનંદ સુખકારી મહોત્સવના ઉપક્રમે તા. ૧/૧૨/૨૫, સોમવાર માગસર સુદ એકાદશીના પવિત્ર દિવસે સિંહાસનમાં બિરાજમાન ઠાકોરજી સમક્ષ શેરડી ઉત્સવ કરવામાં આવ્યો હતો. જેમાં સિંહાસન શેરડીથી સુશોભિત કરી ભગવાનને શેરડી સુધારી ધરાવવામાં આવી હતી. આ દિવ્ય ઉત્સવની આરતીનાં દિવ્ય દર્શન કરી સૌ ધન્ય ભાગ્યશાળી થયા હતા.

રાત્રિ સભામાં એકાદશી જાગરણના








કીર્તનોનું ગાન કર્યા બાદ પુ. સ્વામી જયકૃષ્ણદાસજીએ ગીતાજીના મહિમાની કથા કરી પછી પુ. સ્વામી હરિમુકુંદદાસજીએ ગીતાજીના માધ્યમે માનવ જીવનની સાર્થકતાની વાત સાથે આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ ભગવાન શ્રીકૃષ્ણની પરવાણી ગીતાજીનું સંતો અને યજમાનો દ્વારા ચંદન પુષ્પ વગેરે ઉપચારોથી પૂજન કરવામાં આવ્યું અને પછી ગીતાજીનો જુવારથી સંતો યજમાનો દ્વારા અભિષેક કરવામાં આવ્યો જે અભિષિક્ત પ્રસાદીના દાણા પક્ષીઓ ખાય તો તેનું પણ કલ્યાણ થાય એવી ભાવના સાથે અભિષેક કર્યો બાદ આરતી કરી શેરડી ઉત્સવનો પ્રસાદ વહેંચવામાંઆવ્યોહતો.

શેરડી ઉત્સવ તેમજ ગીતા જયંતી ઉત્સવનું સંચાલન સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ કર્યુંહતું.

શેરડી ઉત્સવમાં સિંહાસન સુશોભન કરવામાં સ્વામી જયહરિદાસજી, સ્વામી બાલમુકુંદદાસજી, મયુર ભગત ને વાઘજીભાઈ કણોલ આદિ ભક્તો તેમજ રાપરથી પધારેલા સાંખ્યયોગી બહેનો તથા યુવતી મંડળના બહેનો જોડાયાહતા.

-મહેશસાંઢા (સેવાદળમંત્રી)

## રોટલા ઉત્સવ એવં ૧૫ કલાકની અખંડ ધૂન

શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપા અને ભુજ મંદિરના પૂજ્ય મહંત સ્વામીના આશીર્વાદથી થાણા સત્સંગ ભવનને ૧૫ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે એ નિમિત્તે ૧૫ કલાકની અખંડ સ્વામિનારાયણ મહામંત્રની ધૂન અને રોટલા ઉત્સવ ધામધૂમપૂર્વક ઉજવાયોહતો.

તારીખ ૧૩/૧૨/૨૫, શનિવાર માગશર વદ નોમના પવિત્ર દિવસે બપોરે ૧:૧૫ વાગ્યે થાણા સત્સંગ ભવનના સંચાલક પુ.સ્વામી હરિમુકુંદદાસજી, પુ. સ્વામી જયકૃષ્ણદાસજી,




યુવક મંડળના સંચાલક મેઘજીભાઈ રાવરીયા, વડીલ નટુબાપા ઠક્કર આદિ સંતો ભક્તોના વરદહસ્તે દીપપ્રાગટ્ય કરી ૧૫ કલાકની અખંડ ધૂનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં પ્રારંભમાં એક કલાક સંતો યુવાનો હરિભક્તો સાથે મળી ધૂન કરી, ત્યારબાદ સાત કલાક સુધી સાંખ્યયોગી બહેનો, યુવતી મંડળ અને મહિલા મંડળના બહેનોએ ધૂન કરી અને પછી ફરીથી સંતો ને યુવાનો હરિભક્તોએ ધૂન કરી એમાં પણ રાત્રીના ૧૨ થી ૪ વાગ્યા સુધી કામોઠામાં ચાલતું આપણું યુવક મંડળ તેમના યુવાનો આવી સંગીતના સથવારે રમઝટ કરાવી સાથે ધૂન રાસનો પણ દિવ્ય લાભ બધા ભક્તોએ લીધો હતો અને વહેલી સવારે ૪:૧૫ વાગ્યેધૂનની પૂર્ણાહુતિ કરી જે ધૂનમાં ૪૦૦ થી વધારે હરિભક્તોએલાભલીધોહતો.



આજ દિવસે રોટલા ઉત્સવનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં





સ્વામિનારાયણ ભગવાને સ્વયં કુંડળમાં પધારી રોટલો બનાવીને જમ્યા હતા અને લોયામાં પ્રેમીભક્ત માનબાઈનો રોટલો જમવા પધાર્યા હતા અને કંથકોટમાં કચરા ભગતે રોટલો જમાડ્યો હતો તે ચરિત્રોને નિમિત્ત કરી રોટલા ઉત્સવ કર્યો હતો. જેમાં થાણામાં વસતા સત્સંગી બહેનોએ અલગ અલગ જેવા કે બાજરો, મકાઈ, જુવાર, નાગલી, રાગી, રાજસ્થાની જેવા ૪૦ પ્રકારના રોટલા બનાવીને લાવ્યા હતાં સાથે ઘી, ગોળ ને માખણ લાવ્યા હતા. એ સિંહાસનમાં બિરાજમાન શ્રીસ્વામિનારાયણ ભગવાન, શ્રીરાધાકૃષ્ણદેવ, શ્રીઘનશ્યામ મહારાજ આદિ દેવોને ધરાવવામાં આવ્યા અને થાણામાં આવો રોટલાઉત્સવપહેલીવારથયોજેમનાદર્શનકરીને ભક્તો ખૂબ આનંદિત થયા હતા અને ભક્તોને એજ રોટલા ઉત્સવની પ્રસાદી જમાડવામાં આવી હતી. બધા ભક્તોને રોટલા ઉત્સવ કાયમી સંભારણુંબનીગયું.

આ રોટલા ઉત્સવ ને ૧૫ કલાક અખંડ ધૂનની સેવામાં સ્વામી જયહરિદાસજી, સ્વામી બાલમુકુંદદાસજી, મયુર ભગત, યુવક મંડળના યુવાનો તેમજ રાપરથી પધારેલા સાંખ્યયોગી બહેનોનેયુવતીમંડળનાબહેનોજોડાયાંહતાં.

અ-યુવતીમંડળથાણા

## ૨૨૪ મો સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્ય દિન એવં ફળકૂટ ઉત્સવ

માગસર વદ - ૧૧ સફલા એકાદશી એટલે સ્વામિનારાયણ ભગવાને ફરેણી ગામની ધરતી ઉપર રામાનંદ સ્વામીની ચૌદમાની સભામાં પોતાના મુખે પોતાનું સ્વામિનારાયણ એવું નામ આપ્યું. તેને તા. ૧૫/ ૧૨/ ૨૫, સોમવાર માગસર વદ-૧૧ ના દિવસે ૨૨૪ વર્ષ પૂર્ણ થયાં. એ નિમિત્તે ૨૨૪ મિનિટની સાંજે ૫:૩૦થીરાત્રે૯:૧૫સુધીઅખંડધૂનસંતોયુવક યુવતી મંડળના સભ્યો તેમજ હરિભક્તોએ સાથે મળીને કરી હતી. ત્યારબાદ પુ. સ્વામી જયકૃષ્ણદાસજીએ સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્યની કથા તેમજ મહિમાની કથા સંભળાવી હતી. સંતોના આશીર્વાદમાં પુ. સ્વામી હરિમુકુંદદાસજીએ એજ મહામંત્રના ભજનથી





લોકો કેવા સુખી થયા છે અને ભગવાનનો કેવો રાજીપો થાય છે પળે પળે કેવી રક્ષા કરે છે એની વાત કરીહતી.

આજરોજ સિંહાસનમાં બિરાજમાન



ઠાકોરજીની આગળ ફળકૂટ ઉત્સવ કરવામાં આવ્યો હતો જે સ્વામિનારાયણ ભગવાને ૨૨૦ વર્ષ પહેલાં માનકૂવાની ધરતી ઉપર ફળકુટ ઉત્સવ કરી વિવિધ પ્રકારના ફળ જમ્યા હતા એ પ્રસંગને નિમિત બનાવી ને ભગવાનને ૩૦૦ કિલોથી વધારે વિવિધ પ્રકારના ફળો જેવાં કે કેળા, સફરજન, અનાનસ, તરબૂચ, ચીકુ, દ્રાક્ષ, દાડમ, સકરટેટી, મોસંબી, અમરફળ, સંતરા વગેરે ફળ ધરાવવામાં આવ્યા. સહુ ભક્તો ભાવથી દર્શન કરી આનંદિત થયા. અંતે બધા ભક્તોને ફળનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ કર્યું હતું.

અ - સ્વામી જયહરિદાસજી.

## શાકોત્સવ - નેરુલ (મુંબઈ)

શ્રીસ્વામિનારાયણ ભગવાને લોયાની પાવનકારી ધરતી પર સખા ભક્ત સુરાખાચરના ભાવથી વિ.સં.૧૮૭૭ની સાલમાં કાર્તિક વદ ૧૨ થી મહા સુદ ૭ સુધી બે મહિના ને ૧૧ દિવસ સુધી શાકોત્સવની લીલા કરેલી. તેને યાદ કરીને દર વર્ષે આ શાકોત્સવ ઉજવાય છે.

તા. ૨૦/૧૨/૨૫, શનિવાર માગસર વદ અમાસના પવિત્ર દિવસે થાણા સત્સંગ

ભવનના ૧૫ વર્ષનો 'શ્રીસહજાનંદ સુખકારી મહોત્સવ' ના ઉપક્રમે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક–યુવતી મંડળ નેરુલ દ્વારા શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું.

શાકોત્સવની કથા વક્તા : પુ. સ્વામી હરિમુકુંદદાસજીએ વચનામૃતના માધ્યમે ભગવાનના ભગત કેવા હોય તેની સાથે ભગવાનને તેને ત્યાં આવી લીલા કરવાની ઈચ્છા થાય. બાદ સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ લોયામાં સ્વામિનારાયણ ભગવાને ઈચ્છારામભાઈને રામપ્રતાપભાઈ ઉદેશીને આપના માટે વડીલોએ કષ્ટ સહન કર્યું છે ત્યારે આપે સુખી થયા છીએ. તેને હંમેશા યાદ રાખવું. છેલ્લે પુ. સ્વામી જયકૃષ્ણદાસજીએ શાકોત્સવમાં કડવો લીંબડો મીઠો કેમ થયો એ વાત કરી એના માધ્યમે જીવનમાં કડવાશ દૂર કરશું તો જીવનમાં મીઠાશ આવશે. ત્યાર બાદ શાકોત્સવના યજમાન નીતિનભાઈ મુરજી રાવરીયા, દિનેશ ખીમજી ચૌધરી તથા લાલજી મેઘજી કરણીયાને સંતો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સ્વામી જયહરિદાસજી, સ્વામી બાલમુકુંદદાસજી, મયુર ભગત તેમજ વિલે પાર્લેથી સાંખ્ય બહેનો પધાર્યા હતાં.

અંતે ઠાકોરજીની આરતી કરી, શાકોત્સવનો પ્રસાદ લઈ હરિભક્તો આનંદિત થયા હતા.

અ-લાલજી કરણીયા

## શિક્ષાપત્રી સેમિનાર અને સત્સંગ ફન્ડે

ભુજ મંદિરના મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ.ગુ સ્વામી ભગવદ્જીવનદાસજી, સ.ગુ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદી વડીલ સંતોની આજ્ઞા અને આશીર્વાદથી શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત શૈક્ષણિક ગુરુકુળોમાં શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે તા.21-11-2025 થી તા. 2911-25 નવ દિવસ સુધી. શિક્ષાપત્રી સેમિનાર અને સત્સંગ ફન્ડેનું આયોજન કરવામાં આવ્યું હતું.






પ્રારંભ શ્રીસ્વામિનારાયણ સંસ્કારધામ માંડવીથી થયો હતો. ત્યાર પછી શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ કોડાય, શ્રીસ્વામિનારાયણ વિદ્યાર્થી ભવન ભુજ, શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારણપર, શ્રીહરિતપોવન ગુરુકુળ તપોવનધામ રામપર-વેકરા, શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ મથલ, શ્રીસહજાનંદ ગુરુકુળ માનકુવા, શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ ગાંધીધામ, શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ રાપર- વાગડઆ દરેક શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષાપત્રી ઉત્સવ ઉજવાયો હતો. વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓએ મળી કુલ 5000 થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

પ્રારંભમાં દિપ પ્રાગટ્ય, પ્રાર્થના કરી શિક્ષાપત્રીનું પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારપછી પ્રાથમિક અને માધ્યમિકના બે વિભાગ કરીને, પહેલા પ્રાથમિક ધોરણના વિદ્યાર્થીઓ 08 થી 10 વાગ્યા સુધી મેદનમાં ગેમ રમતા હતા. જેમાં દસ પ્રકારની વિવિધ ગેમો રાખી હતી. જે ગેમમાં શિક્ષાપત્રી જ્ઞાન સાથે વિવિધ સંદેશાઓ છુપાએલા હતા. જેથી ગમ્મત સાથે જ્ઞાન બાળકોએ મળવી શકે. એજ સમયે માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિકના બાળકો શિક્ષાપત્રી સેમિનારમાં જોડાયા હતા. જેમાં પ્રોઝેકટર સ્લાઈડ વડે શિક્ષાપત્રી અંતર્ગત સ્વચ્છતા, સ્વાસ્થ્ય અને શિક્ષણ પર સમજણ આપવામાં આવી હતી. અયોગ્ય આહાર જેવા કે ફાસ્ટ ફૂડ, કોક-પેપ્સી વગેરે પીણાં તથા દારુ, ગુટખા, તમાકુ આદીના સેવનથી શરીરને થતાં














संग-कुसंग राक्षस का विनाश

નુકશાન, પૈસાનો બગાડ અને આધ્યાત્મિક માર્ગમાં અવરોધ રુપ છે. આવી ઘણી બધી બાબતોથી વિદ્યાર્થીઓને જાગૃત કરવામાં આવ્યા હતા. તેમાં ઘણા બાળકોએ આજીવન વ્યસન નહિ કરું, કે બજારું ખાંણી-પીણી ન ખાવા- પીવાની પ્રતિજ્ઞા સાથે નિયમો લીધા હતા. રીષેશ બાદ માધ્યમિક અને ઉચ્ચમાધ્યમિક ધોરણના વિદ્યાર્થીઓ ગેમ રમે અને પ્રાથમિક ધોરણના બાળકો શિક્ષાપત્રી સમિનારમાં જોડાય. આ રીતે દરેક ગુરુકુળમાં આયોજન ગોઠવવામાં આવ્યાં હતાં.

અંતમાં દરેક બાળકોને ભુજ મંદિર તરફથી અભ્યાસને ઉપયોગી એક એક પેન ભેટમાં આપવીમાં આવી હતી. અને ગેમમાં વિનર ગ્રુપને એક એક બુક ઈનામ આપવામાં આવી હતી.

આ આયોજનને સફળ બનાવવા શા. સ્વામી સંતસ્વરૂપદાસજી, ડો. સ્વામી અક્ષરમુનીદાસજી શિક્ષાપત્રી સેમિનારમાં સેવા આપી હતી. તથા સત્સંગ ફન્ડે ગેમમાં શા. સ્વામી આનંદસ્વરૂપદાસજી, પુ. સ્વામી ઘનશ્યામનંદનદાસજી, સ્વામી વ્યાસ્વરૂપદાસજીએ સેવા સંભાળી હતી. સાથે ગુરુકુળના સંચાલક સંતો, શિક્ષકો અને સહજાનંદ ગુરુકુળના વિદ્યાર્થીઓએ સારો સહયોગ આપ્યો હતો.

અ. શા. સ્વામી સંતસ્વરૂપદાસજી

## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓની યોગમાં રાજ્યકક્ષાએ પ્રશંસનીય જીત કાંસ્ય ચંદ્રક એનાયત

રમત-ગમત પ્રવૃત્તિ ગાંધીનગર દ્વારા રાજ્યકક્ષાની યોગની સ્પર્ધાનું આયોજન કચ્છ મુકામે કરાયું હતું. જેમાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓએ કચ્છનું પ્રતિનિધિત્વ કરી તૃતીય ક્રમે જીત મેળવી કાંસ્ય ચંદ્રક પ્રાપ્ત કરી કચ્છ અને શાળાને ગૌરવ અપાવ્યું છે.

સમગ્ર રાજ્યમાં અંડર-17 વિભાગમાં રિધમિક પેરયોગમાં વરસાણી દિશા અને વેકરીયા દર્શના તૃતીય ક્રમ પ્રાપ્ત કરેલ છે. અંડર-19 વિભાગમાં આર્ટીસ્ટીક યોગમાં ચવાણ ક્રિષ્ના અને વરસાણી હેન્સી તૃતીય નંબર પ્રાપ્ત કરેલ છે.



## વિદ્યાર્થીનીઓ ઉત્તર ગુજરાત પ્રદેશ કક્ષા કલા મહાકુંભમાં લગ્નગીતમાં અને બેન્ડમાં પ્રથમ

યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ કચેરી અને રમત-ગમત વિભાગ ગાંધીનગર દ્વારા ઝોન કક્ષાએ કલા મહાકુંભ વર્ષ 2025-2026નું આયોજન ભચાઉ-કચ્છ ખાતે તા. 8 થી 10 ડિસેમ્બરના યોજાયેલ. જેમાં લગ્નગીત સ્પર્ધા



વય જુથ 15 થી 20 વર્ષમાં અને બેન્ડમાં 6 થી 14 વર્ષમાં શ્રીનરનારાયણદેવ ગર્લ્સ એકેડમી અને 15 થી 20 વર્ષમાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓએ કચ્છનું પ્રતિનિધિત્વ કરી પ્રથમ નંબર મેળવેલ છે.

ઉપરોક્ત દીકરીઓના આ પ્રશંસનીય પ્રદર્શન બદલ ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના પુજ્ય મહંત સ્વામી આદિ સમસ્ત સંત મંડળ, સાં.યો.મહંત સામબાઈ ફઈ સહ સમસ્ત સાં.યો. બહેનોએ અંતરના રૂડા આશીર્વાદ સહ શુભેચ્છાઓ પાઠવેલ છે.

સાથે મંદિરનું ટ્રસ્ટી મંડળ, સંસ્થાના પ્રમુખશ્રી રામજીભાઈ વેકરીયા, મંત્રીશ્રી પ્રવિણભાઈ પિંડોરીયા સહ સંચાલક મંડળ, સંસ્થાના આચાર્યાશ્રી, કોચ રશ્મિતાબેન, બેન્ડના માર્ગદર્શક શિક્ષક પૂજાબેન ગોર, સંગીતના માર્ગદર્શક શિક્ષક જાનવીબેન મકવાણા સહ સ્ટાફ પરિવાર તેમજ દેશ-વિદેશના હરિભક્તો દ્વારા અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે.

## શ્રી નરનારાયણદેવ ગર્લ્સ એકેડમી, શ્રી સહજાનંદ ગર્લ્સ ઇન્સ્ટીટયુટ ભુજ ત્રિવેણી સંગમનો વાર્ષિકોત્સવ.

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરના પ્રાંગણમાં તા. ૨૦/૧૨/૨૦૨૫ ના રોજ સંસ્થાના ૧૯ માં વાર્ષિકોત્સવની ઉજવણી રામજીભાઈ વેકરીયા હસ્તક કરવામાં આવેલ હતી. જેમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે

શ્રી કચ્છ યુનિવર્સીટીના કુલસચિવ ડો. મોહનભાઈ પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રીપૃથ્વીરાજસિંહ ઝાલા, શ્રીસ્વામિનારાયણ મંદિરના કોઠારીશ્રી મુરજીભાઇ શિયાણી, ઉપકોઠારી શ્રીજાદવજીભાઈ ગોરસીયા, શ્રી કચ્છી લેવા પટેલ સમાજના પ્રમુખ શ્રીવેલજીભાઈ પિંડોરીયા, ઈનામના દાતા રીટાબેન ગોપાલભાઈ ગોરસીયા ( S V C T GROUP), સમૂહ પ્રસાદના દાતા રતનબેન રામજી વેકરીયા, ભુજ મંદિર અને સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, વિદેશથી આવેલ દાતાશ્રીઓ તેમજ અન્ય દાતાશ્રીઓ અને મહેમાનોનીઉપસ્થિતિહતી.

કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્ય તેમજ પ્રાર્થનાથી કરવામાં આવેલ. મહેમાનોનું સ્વાગત તેમજ સંસ્થાનો પ્રસંગ પરિચય સંસ્થાના મંત્રીશ્રી પ્રવિણભાઈ પિંડોરીયા દ્વારા કરાયેલ હતો. સંસ્થાની દીકરીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો. તેમજ અભ્યાસીક સિદ્ધિમાં 100, રમતગમત 320, સાંસ્કૃતિક 50, N.C.C.100, બેન્ડમાં 50, તેમજ અન્ય ક્ષેત્રે જીલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય લેવલ સુધી સિદ્ધિ હાંસલ કરેલ તમામ સંસ્થાની દિકરીઓને સન્માનવામાં આવેલ હતી. ડો. અનિલભાઈ ગોર, સંસ્થાના સંચાલક મંડળના ઉપ પ્ર. શ્રી કાનજીભાઈ મેપાણી, શ્રી લક્ષ્મણભાઈ હિરાણી ભુજ મંદિરના પૂ. મહંત સ્વામી પુરાણી ધર્મનંદનદાસજી, ઉપમહંત પૂ. ભગવદજીવનદાસજી, કોઠારી પાર્ષદ વર્ય પૂ. જાદવજી ભગત કોઠારી પૂ. દેવપ્રકાશદાસજી વડીલ સંતો તથા સમગ્ર ટ્રસ્ટી મંડળ દ્વારા આશિર્વાદ સહ શુભેચ્છા સંદેશ પાઠવવામાં આવેલ અને સાંખ્યયોગી મહંત પૂ. સામબાઈ ફઈએ દિકરીઓ સંસ્થામાં ભણી ગણી ખુબ આગળ વધે તેવા રૂડા આશિર્વાદ પાઠવ્યા હતા. તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા પોતાની કલા, આવડત તેમજ સંસ્કૃતિનાં ઓજસ પાથરતી દિકરીઓને બિરદાવવા માટે દાનની સરવાણીનો ધોધ દાતાશ્રીઓ દ્વારા વહેતો થયો હતો. દાતાશ્રી ‘ વિશ્રામભાઈ પિંડોરિયા– ઓસ્ટ્રેલીયા’ દ્વારા ખુશ થઈ દર વર્ષે દિકરીઓના વિકાસ અર્થે રૂ. 6 લાખના દાનની જાહેરાતકરીહતી.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવનાર સંસ્થાના આચાર્યા શ્રી દક્ષાબેન, મનીષાબેન, ખુશબુબેન, તેમજ સ્ટાફ પરિવાર દ્વારા પોતાનું યોગદાનઅપાયેલહતું.

અંતે સૌએ સમુહ પ્રસાદ લઈ, કાર્યક્રમને હોંશભેર માણ્યા બાદ આ સુમંગળ અવસરપૂર્ણથયેલહતો.

# ઉત્તર ગુજરાત પ્રદેશની પ્રાંતિય સત્સંગ શિબિર યોજાઇ

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ-કચ્છ સંચાલિત કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળ દ્વારા તા.14 ડિસેમ્બર 2025 ના રોજ એક દિવસીય ઉત્તર ગુજરાત પ્રદેશીય સત્સંગ શિબિરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરથી પધારેલ સંતોમાં પુ. સ્વામી પરમહંસદાસજી, પુ. સ્વામી સંતસ્વરૂપદાસજી, પુ. સ્વામી વેદાંતસ્વરૂપદાસજી, પુ. સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી, પુ. સ્વામી અક્ષરમુનિદાસજી, પુ. સ્વામી તીર્થમુનિદાસજીના પાવન સાનિધ્યથી શિબિરને ગૌરવ પ્રાપ્ત થયું હતું.

સવારના 9-00 વાગ્યે સંતો અને વડીલ હરિભક્તોના વરદ્‌હસ્તે દીપ પ્રાગટ્ય કરીને શિબિરનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પુ.સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીએ ગઢડા મધ્ય પ્રકરણના 29 મા વચનામૃતના આધારે ભગવાનમાં ચિત્ત આકર્ષિત થનાર ભક્તોના લક્ષણો વિશે વિસ્તૃત અને રસપ્રદ માર્ગદર્શન આપ્યું હતું.



સત્સંગ સાથે મનોરંજનનો સુમેળ સાધવા માટે રસપ્રદ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ પુ. સ્વામી વેદાંતસ્વરૂપદાસજીએ “વિશ્વાસઘાત” વિષય પર અત્યંત દય સ્પર્શી સત્સંગ કરાવ્યો, જેમાં આધુનિક જીવનમાં વિશ્વાસ અને પ્રમાણિકતાના



મહત્ત્વને સુંદર રીતે સમજાવવામાં આવ્યું હતું.

પછી વિશેષ શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પૂજ્ય સંતોએ પોતાના હસ્તે શાકનો વઘાર કર્યો હતો. હરિભક્તો દ્વારા



લાવવામાં આવેલ ટીફીનથી મહારાજનો અન્નકૂટ તૈયાર કરીને ભગવાનને ભાવપૂર્વક થાળ ધરાવવામાં આવ્યો હતો. ત્યારબાદ સૌએ પરિવારની ભાવના, પ્રેમ અને ભાઈચારાના વાતાવરણમાં ભોજન પ્રસાદ ગ્રહણ કર્યો હતો.




બપોર બાદનું સત્ર કીર્તન ભક્તિથી આરંભાયું હતું. ત્યારપછી પુ.સ્વામી સંતસ્વરૂપદાસજીએ એક સાથે સાત જુદી જુદી રમતોનું આયોજન કરેલું હતું, જેમાં યુવક-યવતીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ રમતો દ્વારા સામૂહિકતા, ટીમવર્ક અને સ્વસ્થ સ્પર્ધાત્મક ભાવનાનો સુંદર અનુભવ થયો હતો.

ત્યારબાદ પુ.સ્વામી અક્ષરમુનિદાસજી "વાસના" વિષય પર અત્યંત પ્રભાવશાળી સત્સંગ કરાવ્યો, જેમાં યુવાનોને ઇન્દ્રિય નિયંત્રણ તથા અધ્યાત્મિક પ્રગતિ માટે મહત્ત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અંતે પુ.પરમહંસદાસજી સ્વામીએ પ્રેરક આશીર્વચન આપ્યા અને યુવાનોને સદાચારી જીવન જીવવા તથા સત્સંગમાં ઢ રહેવા પ્રેરણા આપી હતી.

શિબિરના અંતમાં ઉત્તર ગુજરાત પ્રદેશના સંયોજક તુલસીદાસ નાકરાણી દ્વારા આભારવિધિ કરવામાં આવી અને સૌ હરિભક્તોએ મેવાના પ્રસાદ સાથે શિબિરની પૂર્ણાહુતિ કરી હતી.

આ પ્રાંતીય સત્સંગ શિબિર યુવક-યુવતીઓ માટે અત્યંત લાભદાયી અને સ્મરણીય



રહી. ધાર્મિક શિક્ષણ, મનોરંજન અને સત્સંગનો સુમેળભર્યો સમન્વય આ શિબિરમાં વિશેષરૂપે જોવા મળ્યો હતો. પૂજ્ય સંતોના આશીર્વાદથી તમામ સહભાગીઓ કૃતાર્થ થયા હતા. શિબિરનો કાર્યભાર પુ.સ્વામી સંતસ્વરૂપદાસજીએ સંભાળ્યો હતો.

અ-તુલસીદાસ નાકરાણી

## નેત્રયજ્ઞ - માંડવી અને ભુજ

શ્રી શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે માંડવી શ્રી સ્વામિનારાયણ હોસ્પિટલ ખાતે ૩૦/૧૧/૨૦૨૫ રવિવારે નેત્રયજ્ઞનું આયોજન



કરવામાં આવ્યું હતું જેમાં આવેલ દર્દીઓની તપાસ અને જરુરી જણાય તો ઓપરેશન કરી આપવામાં આવ્યાં હતાં. તેમજ દિનાંક ૨૮/૧૨/૨૦૨૫ રવિવારે ભુજ માંડવી હાઈવે ઉપર આવેલ શ્રી સ્વામિનારાયણ સેવા આશ્રમ હોસ્પિટલ ખાતે બીજો નેત્રયજ્ઞ કરવામાં આવ્યો હતો જેમાં આવેલ દર્દીઓનાં મોતિયો, ઝામર તથા વેલના ઓપરેશનો કરવામાં આવ્યાં હતાં. આ સાથે ભુજ મંદિરના મહંત સ્વામીની આજ્ઞાથી સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની આંખોની તપાસ કરી એમને પણ નંબર તપાસી ચશ્મ આપવામાં આવે એવી આજ્ઞા સમિતિ ને કરવામાં આવી હતી જે પ્રમાણે સમિતી આગળ વધી રહી છે. કોઈપણ જાતની ફી લીધા વિના નિષ્ણાંત ડોક્ટરો સેવામાં જોડાયા હતા. કેમ્પમાં ડો. સચીન ફિરકેતથા ડો. મૃગેશ શાહ અને ડો. ભરત વરસાણી રહ્યા પોતાની સેવા આપી હતી. શ્રી



સ્વામિનારાયણ હોસ્પિટલ માંડવી પિયાવાના ડો. મહિપાલસિંહ તથા સમગ્ર સ્ટાફ વ્યવસ્થામાં જોડાયો હતો. પિયાવા હોસ્પિટલ સંચાલન સમિતિ ના સર્વે કાર્યકરો આ બન્ને નેત્રયજ્ઞને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. પૂજ્ય ભુજ મંદિરના મહંત સ્વામીએ ડો. સ્ટાફ, સમિતિ સભ્યો તેમજ દર્દીઓ ને ખૂબજ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા અને ખાસ દર્દીઓને જલ્દી સાજા થાય તેવી પ્રાર્થના કરી હતી. સમિતિના સંતો ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી, કોઠારી પાર્ષદ ખીમજી ભગત તથા હોસ્પિટલ સંચાલક સંતો શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજી તથા શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી હોસ્પિટલ પ્રમુખ શ્રી માવજીભાઈ વેકરીયા સાથે રહ્યા હતા.

- અ. લાલજી ભંડેરી-પિયાવા



ઉપરોક્ત બન્ને નેત્રયજ્ઞમાં આર્થિક યોગદાન પ. ભ. મનજીભાઈ કેસરા કેરાઈ ધ. પ. રતનબેન, સુપુત્ર મુકેશભાઈ ધ. પ. નિકિતાબેન, પૌત્રો વ્યાસ અને ભુવન સપરિવાર નારણપરનું રહ્યું હતું.

# સત્સંગ સમાચાર - વિદેશ

## સત્સંગ શિબિર - શિશેલ્સ




શ્રીસ્વામિનારાયણ મંદિર - ભુજ સંચાલિત કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળ દેશ વિદેશમાં ચાલે છે, તે પૈકી આફ્રિકા ખંડ મધ્યે શિશેલ્સ દેશના પ્રાલે ટાપુમાં ભુજ મંદિર દ્વારા ત્રીદિવસીય ૨૦થી ૨૨ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા યુવા શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું.

ભુજ મંદિર દ્વારા દુનિયાના ચાર ખંડમાં આવેલ દેશોના મંદિરોમાં મેઘા શિબિરનું આયોજન થાય છે, તેમાં આ 2026 ના વરસમાં આફ્રિકા ખંડમાં આવેલ તમામ દેશોના મંદિરોમાં શિબિરનું ભવ્ય આયોજનો થશે. તે પૈકી શિશેલ્સ દેશના પ્રાલે ટાપુમાં ત્રિદિવસીય શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું.

# શ્રી પૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિર નાઇરોબીનો વાર્ષિક પાટોત્સવ

દિનાંક ૨૦ થી ૨૬ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન મૂળ મંદિરનો ૮૧ મો, વર્તમાન મંદિરનો ૨૬ મો તથા શ્રી ઘનશ્યામ મહારાજનો પ્રથમ વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાઈ ગયો. દિનાંક ૧૯ ના સાંજે બેંડ વાજાં સાથે પોથીયાત્રા મંદિર પરિસરમાંથી મંદિરે આવી



હતી. ૨૦ તારીખે સવારે પૂજન સ્થાપન બાદ શ્રી શિક્ષાપત્રી ભાષ્યની કથાનો પ્રારંભ થયો હતો. ૩ વિદ્વાન વક્તાઓ શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી અને શાસ્ત્રી સ્વામી આનંદમુનિદાસજીએ પોતાની શૈલીમાં કથા રસપાન કરાવ્યું હતું. દરરોજ હરિભક્તોને કથાબાદ અલગ અલગ યજમાનો દ્વારા પ્રસાદ આપવામાં આવ્યો હતો. છેલ્લા ત્રણ દિવસ મહાપ્રસાદ રાખવામાં આવ્યો હતો. દિનાંક ૨૪ ના રોજ શ્રી ઘનશ્યામ મહારાજનો રાજોપચાર વિધિથી પૂજન ભવ્ય રીતે કરવામાં આવ્યું હતું સૌ ભક્તો મંદિર પરિસરમાં શ્રી ઠાકોરજીની પાલખી નિકળી હતી અને ભવ્યતા પૂર્વક પૂર્ણ થઇ હતી. ત્યારબાદ યુવક યુવતી મંડળના સભ્યો તેમજ અન્ય દાતાઓ દ્વારા નંગ જડિત ચાંદીના વાઘા અર્પણ કરાયા હતા. નંગ જડિત ચાંદીના વાઘામાં જેમની સેવા હતી એ તમામને ભુજ મંદિરના સંતોના વરદહસ્તે કંઠી સાથે પહેરામણી કરવામાં આવી હતી. દિનાંક ૨૫ ના રોજ મંદિર પરિસરમાં પધરાવેલ સિદ્ધેશ્વર મહાદેવનો પાટોત્સવ ઉજવાયો હતો. મંદિર તરફથી જરુરીયાત મંદ લોકોને રાસન અપાયું હતું. દિનાંક ૨૬ ના રોજ સવારે શ્રી ઘનશ્યામ મહારાજનો પંચામૃત મહા અભિષેક કરાયો હતો. આ પ્રસંગે સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી એ સમગ્ર સભાજનોને રુડા આશીર્વાદ પાઠવ્યા હતા અને મંદિર થતી ગરીબોની સેવા બદલ રાજીપો વ્યક્ત કર્યો હતો અને એકાદશીના દિવસે બની શકે તો ફળાહાર આપજો અને તમારી કમાણી માંથી શ્રી





નરનારાયણદેવનો ધર્માદો કાઢજો એવી ભલામણ કરી હતી. અને સત્સંગમાં આગળ વધવા સાંજ સવાર કથાવાર્તામાં આવવા ભલામણ કરી હતી અને શ્રી નરનારાયણ દેવ અને સંતોને અમે પ્રાર્થના કરશું આવો પોકારવાનો ભાવ વ્યક્ત કરેલ હતો. સભા સંચાલનમાં શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી સહભાગી રહ્યા હતા અને સ્વામી સુવ્રમુનિદાસજી તથા સ્વામી મુકુંદમુનિદાસજી અભિષેક, અન્નકૂટ તેમજ અન્ય વ્યવસ્થામા સહભાગી રહી માર્ગદર્શન પુરું પાડ્યું હતું. મંદિરના શિખરો ઉપર ધ્વજારોહણ કરવામાં આવ્યા બાદ સવારે ૧૧-૩૦ કલાકે શ્રી ઠાકોરજી આગળ ધરાવેલ ૫૬ ભોગના થાળ સાથે પાટોત્સવની બાલ યુવક મંડળ ના સભ્યો દ્વારા બેંડ લેઝીમ ના નાદે આરતી કરવામાં આવી હતી. પુષ્પાંજલિ બાદ કરવામાં આવી હતી. પ્રસાદ તેમજ મહાપ્રસાદ ના દૈનિક યજમાનોને સંતો દ્વારા પહેરામણી કરવામાં આવી હતી. મંદિરના આમંત્રણને માન આપીને



પધારેલા મંદિરોના પ્રતિનિધિઓને પુષ્પહાર અર્પણ સાથે આવકારાયા હતા. સંતોના પૂજન બાદ મંદિર તરફથી જેમને પાટોત્સવમાં નાની મોટી આર્થિક તથા રસોડાની , પાર્કિંગ વગેરેની સેવા બદલ આભાર વ્યક્ત કરાયો હતો.

-મંત્રી શ્રી ભીખાભાઈ ગોરસીયા

# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

## ભુજનગરમાં ભગવાનનું ભવ્ય સ્વાગત




બાલમિત્રો ! જય સ્વામિનારાયણ, ભગવાન શ્રીહરિ કચ્છમાં અનેક લીલાઓ કરેલી છે. તે લીલા ચરિત્રો કચ્છ લીલા ગ્રંથમાં લખાયા છે. એ જ લીલા ચરિત્રોની વાર્તા અહીં લેખમાં મુકવામાં આવે છે. તો આ વાર્તાઓ બાળ સભામાં વાંચવી. તેમજ જ્ઞાન સરિતામાંથી શબ્દ રચના વગેરે ગેમ રમવી.

ભગવાન શ્રીહરિ વાગડ પ્રાંતને પવિત્ર કરતા કરતા ભચાઉ થઈ ગામ ખોખરે પધાર્યા. વાલજી સુતારને ઘેર ઊતર્યા. તેમણે પોતાને ઘેર સરસ થાળ કરાવીને શ્રીહરિ તથા સંતો, પાર્ષદોને જમાડ્યા. બીજે દિવસે માવજી સુતારને ઘેર થાળ

જમ્યા. પછી ત્યાંથી શ્રીહરિ માધાપર ગામે પધાર્યા.

માધાપરના હરિભક્તોએ શ્રીહરિ પધાર્યાની વાત ભુજનગરમાં આવીને સુંદરજી સુથાર, હીરજી સુથાર, જેઠી ગંગારામ મલ્લ, શિવરામ મહેતા, હરજીવન મહેતા તથા ભગવાનજીભાઈ આદિક ભક્તોને કરી. શ્રીહરિના આગમનની વાત સાંભળી ભક્તો હર્ષમાં આવી ગયા. તત્કાળ સર્વે ભક્તો વિચારણા કરીને રાજ દરબારમાં રાઓ શ્રીભારમલજી પાસે ગયા. રાજાએ પૂછ્યું : "આજ સર્વે ભક્તો ભેળા થઈને શા કામે આવ્યા છો ?" કારભારી સુંદરજી સુથારે કહ્યું : "રાઓશ્રી સાબેહ ! આજ અમારા ગુરુ સ્વામિનારાયણ ભગવાન માધાપુરથી ભુજ પધારે છે. માટે તેમનું સન્માન આપના તરફથી થાય એવી અમારી ઈચ્છા છે." હરિભક્તોની વાત સાંભળીને રાજા ભારમલજી કહ્યું : "હે સુંદરજીભાઈ ! સ્વામિનારાયણ તમારા ગુરુ તો અમારા પણ ગુરુ. માટે મારે સન્માન કરવું જ ઘટે. એમ કહીને પોતાના દિવાન આદિ સર્વે અમલદારોને આદેશ આપ્યો જે, "આજ કોઈ કયાંય જશો નહિ ને અન્ય જે કાર્ય હોય તે બંધ રહે. આજ રોજ જગદ્‌ગુરુ સ્વામિનારાયણ આપણા નગરમાં પધારે છે, માટે ભવ્ય સવારી સાથે આપણે તેમના સ્વાગતમાં જવાનું છે." સૌને આદેશ આપીને રાજાએ પોતાની સર્વે રાજસવારી તૈયાર કરાવી.

સવારીની શોભામાં મદ ઝરતા મોટા મોટા હસ્તી તેના ઉપર જરિયાની તથા રત્નજડિત સોનેરી અંબાડીઓ મુકાવી. ને સોનાની ઘૂઘરમાળ હાથીને પગે પહેરાવી. તથા રેશમની દોરથી બાંધેલ મોટા સૂચનાઘંટને લટકાવ્યો. સોનેરી સાજે કરીને શણગારેલા અતિ વેગવાન સુંદર ઘોડા. મોટા મોટા રથને પણ સોનેરી સાજે શણગારી તૈયાર કરાવ્યાં. ને સર્વે હાથીઓને પણ તૈયાર કરાવ્યા.

સવારીની રચના કેવી હતી. તો ત્રાંસા, ઢોલ, નગારાં, દદામા, શરણાઈ આદિક વાજિંત્રોના વગાળનારા આગળ ચાલ્યા. તેની પાછળ બેન્ડવાજાં વગાડનારા ચાલ્યા. તેની પાછળ મેઘ સમાન શ્યામ ને અતિ ઊંચા મદ ઝરતા એવા, સોનેરી સાજે શોભાયમાન, જેના ઉપર સોનેરી ઝૂલની સાથે સોનેરી અંબાડી ધારણ કરાવેલી છે એવા હાથીઓની લાઈન ચાલતી હતી. તેની પાછળ મોટાં મોટાં ત્રંબાળું નગારાં જેના ઉપર વાગી રહ્યાં છે એવા ઊંટોની લાઈન ચાલતી હતી.

અને તેની પાછળ ઉઘાડી તલવારવાળા હથિયારબંધ સૈન્યની પલટન ચાલતી હતી. તેની પાછળ આરબની બેરખ ચાલતી હતી. તેની પાછળ ડંકા, નિશાન, અબ્દાગરીવાળા ચાલતા હતા. ને તેની પાછળ ભગવાન શ્રીહરિને બેસાડવા માટે શણગારેલો હસ્તી તથા રાજા ભારમલજીનો હસ્તી ચાલતો હતો. ને તેની પાછળ દેશી-પરદેશી પલટન ચાલતી હતી. અને મેઘના સરખા છે ગંભીર શબ્દ જેના ને સોનારૂપાની શિંગડિયુંવાળા ને સોનેરી ઝૂલવાળા બે બળદીયા જોડેલા એવા રથો ચાલતા હતા. અને તેની પાછળ મોટા સંતોને બેસવા માટે મેના, પાલખીઓ તથા તાવદાન ચાલતાં હતાં. તેની પાછળ ચિત્રવિચિત્ર સિગરામની લાઈન ગોઠવેલી હતી. તેની પાછળ મોટા મોટા ઉમરાવ તથા નગરશેઠ આદિકની ગાડીઓ ચાલતી હતી. અને તેની પાછળ

હજારોહજાર શહેર-ગામડાનાં લોકો ચાલતાં હતાં. આવી અદ્ભુત શોભાએ યુકત ભવ્ય સવારી લઈને રા-ભારમલજી માધાપર સુધી શ્રીહરિની સન્મુખ ગયા. ભગવાન શ્રીહરિને દૂરથી જ જોઈને રાજાએ પોતાનો હસ્તીને નીચે બેસાડ્યો.

શ્રીજીમહારાજને સુદરજીભાઈ આદિક ભક્તોએ પહેલાથી જાણ કરી હતી કે "રા. ભારમલજી પોતાની ભવ્ય સવારી લઈને સ્વાગત માટે આવે છે." તેથી ભગવાન શ્રીહરિ પહેલાથી જ તૈયાર થઈ ગયા હતા. રા.ભારમલજીએ હાથી ઉપરથી નીચે ઊતરીને મહારાજની સમીપે જોઈને સાષ્ટાંગ પ્રણામ કર્યા.

પછી શ્રીહરિનો હાથ ઝાલીને સુંદર શોભાયમાન હસ્તી ઉપર નંગજડિત સોનાની અંબાડી, તેમાં શ્રીજીમહારાજને બિરાજમાન કર્યા.

-ક્રમશઃ

## -: જ્ઞાન સરિતા :-

## શિક્ષાપત્રી

શ્રીસહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રીના 18માં શ્લોકમાં લખ્યું કે 'જુગાર આદિક વ્યસનોનો ત્યાગ કરી દેવો, અને ભાંગ, ગાંજો, અફીણ આદિક કેફ કરનારી વસ્તુ ક્યારેય ખાવી-પીવી નહિ. અને 27માં શ્લોકમાં વ્યસન છે એ પાપ છે માટે વ્યસન કરનાર માણસ પાપી છે માટે વ્યસનીનો સંગ કયારેય ન કરવો.'

વ્યસન છે તે કલ્યાણના માર્ગ થકી પાડે છે. વ્યસન માણસને લાચાર બનાવી દે છે. જે વસ્તુનું વ્યસન હોય, એ વસ્તુ જો એક દિવસ ન મળે તો વ્યસની હેરાન-પરેશાન થઈ જાય છે. વ્યસનથી પૈસાનો તો બગાડ થાય જ છે. સાથે શરીરનો પણ બગાડ થાય છે. અનેક રોગો થાય છે. અને વ્યસન બુદ્ધિનો પણ નાશ કરે છે. તેથી એમને સાર અસારનો વિચાર આવતો નથી.

એકવાર આપણા નંદ સંતો વિચરણ કરતા કરતા એક ગામમાં ગયા. ગામના ચોરે લોકો બેઠા હતા. ત્યાં સંતો સભા કરીને વાત કરવા લાગ્યા : 'દારૂ, ચલમ, તમાકું વગેરેનું વ્યસન બહુ દુ:ખરૂપ છે. માટે જે વ્યસન છોડશે તેને અમે દર વર્ષે એક ગાડું બાજરો આપીશું.' બાજરાની લાલચથી ઘણાએ વ્યસન છોડવાનો નિયમ લીધો.

બરાબર એક વર્ષ પછી સંતો પાછા એ ગામમાં ગયા. લોકો ભેગા થયા. કોઈએ પૂછ્યું : 'સ્વામીજી ! કયાં છે અમારો બાજરો ?' સ્વામીએ કહે : 'પહેલાં એ કહો કે નિયમ બરાબર પાડો છો ?' હા, સ્વામીજી ! સ્વામીએ કહ્યું : 'તો પહેલાં એ કહો કે નિયમ લીધા પહેલાં તમે કેટલા રૂપિયાનું વ્યસન કરતા હતા ?' એક ભાઈ કહ્યું : 'વર્ષે 40 થી 50 રૂપિયા થઈ જતા હતા.' સ્વામીએ કહ્યું : એમાંથી કેટલાં ગાડાં બાજરો આવે ?' ભાઈ કહે 'બે ગાડાં.'

સ્વામીએ હસીને કહે : 'અમે તો તમને એક ગાડું બાજરો આપવાનું કહેલું હતું. આ તો બે ગાડાં બાજરો થયો. તો એક ગાડું વધ્યું તે અમને પાછું આપો.' સ્વામીની વાત બધા સમજી ગયા. અને જેમણે નિયમ લીધા ન હતા, તે બધાએ પણ વ્યસન છોડવાના નિયમ લીધા.

બાળમિત્રો ! માટે ગુટખા, દારૂ, બીડી, તમાકુ, ડ્રગ્સ વગેરે અનેક પ્રકારનાં વ્યસનો છે. શરીર અને સંપત્તિનો બગાડ કરે છે માટે કોઈ પણ પ્રકારનાં વ્યસનો કરવાં નહિ.

# -: શબ્દરચના :-

**શિક્ષાપત્રીમાંથી ભગવદ્ સ્વરૂપ દેવ-દેવીઓનાં 18 નામ નીચેના કોયડામાંથી શોધો.**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સ | હ | જા | નં | દ | તી | ગ | ના | રા | પુ |
| વ | નુ | લ | ક્ષ્મી | ર્વ | પ | ણ | હ | ધા | રૂ |
| ઋ | મા | ન | પા | હ | ય | જા | શિ | કૃ | ષો |
| ષ | ન | ર | ના | રા | ય | ણ | વ | ષ્ણ | ત્ત |
| ભ | જી | વ | ના | રા | ધિ | કા | જી | લ | મ |
| દે | ણ | ન્ન | ર | ષ્ણુ | રા | થ | લ | ક્ષ્મી | જી |
| વ | મ | ન | વિ | જી | ન્ના | શિ | મ | ના | તિ |
| શ્રી | કૃ | ષ્ણ | ભ | ગ | વા | ન | જી | રા | ગ |
| ઘ | ન | મ | જ | હ | રિ | ના | રા | ય | ણ |
| ગ | ણ | પ | તિ | સૂ | ર્ય | દે | વ | ણ | પ |

## -: હસ્તા રહો :-

શિક્ષક : એ ચંદુ તું રોજ શાળાએ મોડો કેમ આવે છે?

ચંદુ : સાહેબ ! એમાં મારો વાંક નથી, કારણ કે હું શાળાએ પહોંચું એ પહેલાં જ પટાવાળો ઘંટ વગાડી દે છે.

----------------

શેઠ : મારે નોકરી માટે જવાબદાર માણસની જરૂર છે.

નોકરી માટે ગયેલો છગન : હું પહેલાં જયાં કામ કરતો હતો ત્યાં દરેક બગડેલા કામ માટે મારા શેઠ મને જ જવાબદાર ગણતા હતા.

----------------

રાજુ : તને કયારેય કોઈ એવોર્ડ મળ્યો છે?

વિનુ : હા, મળ્યો છેને ? જયારે મને પગમાં ફ્રેક્ચર થયું હતું ત્યારે હોસ્પિટલમાં એ-વોર્ડ જ મળેલો.

## -: ઉખાણાં :-

1. એક વસ્તુ એવી જોઇ, છાતી ઉપર દાંત;
   મોં વગર ગાય રાગ-રાગણી, કરે સંગીતમય વાત.
2. સાંભળે બધુંય પણ બોલે નહિ;
   સમજે બધુંય જાત ખોલે નહિ,
   દરેકના મસ્તકે આ બે જણનો વાસ;
   કહી દો એના નામ કહું છું રે ખાસ.
3. મોં તો છે કાળું, પણ કરે અજવાળું.

## અક્ષરવાસ નોંધ

માંડવીના મહેન્દ્રકુમાર ભગવાનલાલ દવે વ્યવસાયે શિક્ષક હતા. તેઓ વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે જીવન ઘડતરના પાઠ પણ શિખવતા. અને પોતે સાથે સાથે આયુર્વેદિક ઉપચારોનો અભ્યાસ કરતા, જે નિવૃત થઈને સંતોની આજ્ઞા-આશીર્વાદથી લગભગ 22 વર્ષો સુધી આપણા ભુજ મંદિરના મુખપત્ર ''શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશ'' માં સેવા કરતા નિયમિત 'ડોશીમાનું વૈદુ' એવી કોલમના લખાણ દ્વારા લેખ આપતા તે આપણા સંદેશમાં છપાતા. પણ થોડા સમયે પહેલાં તેઓ શરીરે અશક્ત થવાથી લખાણકાર્ય મૂકી દીધું પણ સમય મળે એટલે ભુજ મંદિરે શ્રીનરનારાયણદેવના દર્શને આવતા અને સંતોને મળતા સંતો પણ તેમની સેવાને યાદ કરતા. તેઓ તા. 25 ડિસેમ્બર 2025ના રોજ શ્રીજીમહારાજનું સ્મરણ કરતા 77 વર્ષની વયે અક્ષરધામ સિધાવ્યા છે. ભગવાન શ્રીસ્વામિનારાયણ તેમને પોતાના ચરણોની સેવાનું સુખ આપે એજ.

## નોંધ :- અંક ન મળવા બાબત

શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશના આજીવન ગ્રાહકોને નમ્ર નિવેદન હાલમાં ઘણા ગ્રાહકોને ઘણા સમયથી ટપાલ દ્વારા પોસ્ટમાં શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશ મળતું નથી એવી ફરિયાદો આવે છે. સંદેશ કાર્યાલયમાંથી નિયમિત રીતે દર મહિને દેશ-વિદેશના લગભગ 9000 જેવા અંક પોસ્ટ દ્વારા નિયત કરેલ તારીખે રવાના કરવામાં આવે છે. છતાં ગ્રાહકોની ફરિયાદને ધ્યાને લઈને મુખ્ય પોસ્ટ ઓફિસમાં લેખિતમાં રજૂઆત પણ કરવામાં આવેલ છે.

તેમ છતાં ગ્રાહકોને નમ્ર વિનંતી છે કે તમો તમારા વિસ્તારને લગતી પોસ્ટ ઓફિસમાં તમો પણ લેખિતમાં ફરિયાદ કરીને પોસ્ટ ઓફિસના સિક્કાવાળી એક કોપી પરત લેવી જે તમારા પાસે રહે.

બીજું ઘણા ગ્રાહકોના અંક પરત આવે છે. તો જે જે ગ્રાહકોના એડ્રેસ ચેન્જ થયા હોય અથવા એક જગ્યાએથી બીજી જગ્યાએ શીટ થયા હોય એવા ગ્રાહકો પોતાના પૂરા નામ સરનામા સાથે આ મોબાઈલ 7567604000 નંબર ઉપર પૂરી વિગત લખીને સુધારો કરાવવા વિનંતી.

અને ભારતભરમાં ક્યાંક રાજ્ય કે જિલ્લા અલગ થયા હોય તો જે તે જગ્યાના પિનકોડ નંબર ફેરફાર હોય તથા કચ્છમાં ક્યાંક નવાવાસ-જુનાવાસ અથવા ઉપલોવાસ-નીચલોવાસ જે ફેરફાર હોય તે ખરાઈ કરાવી સુધરાવી લેવા.

ઘણા ભક્તો આજીવન સભ્યની નોંધણી થયેલ વ્યક્તિ જે અક્ષરનિવાસી (ધામમાં ગયેલ) થયેલ હોય તો તેના નામ પોતાની નૈતિક ફરજ સમજીને કમી કરાવી પોતાના નામે આજીવન ગ્રાહક થઈ દેશમાં રૂપિયા 501, વિદેશમાં રૂપિયા 6001 ભરી રિન્યુ કરાવી લેવું.

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત

## ભારાપર વાડી મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ

| પ્રારંભ | પ્રાણ પ્રતિષ્ઠા વિધી | પૂર્ણાહુતિ |
| --- | --- | --- |
| 25 જાન્યુઆરી - ૨૦૨૬ | 30 જાન્યુઆરી - ૨૦૨૬ | 31 જાન્યુઆરી - ૨૦૨૬ |
| રવિવાર | શુક્રવાર | શનિવાર |

આ ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવમાં કચ્છના સમસ્ત ભક્તોને ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ.




## ભુજનગરમાં ભગવાનનું ભવ્ય સ્વાગત

201- કરસનભાઈ ઝીણાભાઈ જેસાણી ધ.પ.અ.નિ.રતનબાઈ, સુત ભીમજીભાઈ ધ.પ.ધનબાઈ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

301- નિતીન હીરજી વરસાણી, હ હીરજી કરસન વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - નારાણપર-રાવરી હાલે-યુ.એસ.એ. (અમેરિકા)

500- ધનજી સામજી રાઘવાણી દિક્ષા અને દિક્ષિતાના લગ્ન પ્રસંગે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

300- પ્રણવ જીતેશ ભુડિયાના જન્મોત્સવ તથા નામકરણ નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - માધાપર-હા,લંડન

251- ઉષાબેન લાભશંકર પંડ્યા ધનુર્માસ નિમિતે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - નારાણપર-ઉપલોવાસ

251- વનિતાબેન વિજેશ ભુડિયા દીકરી ભુમિશાના લગ્ન પ્રસંગે નારાણપર

250- અ.નિ.નાનજી મનજી વરસાણીની સ્મૃતિમાં ધનુર્માસ નિમિત્તે, હ,કાન્તી ગોવિંદ વરસાણી ભક્તિનગર-માનકુવા

250- મહેશ કાનજી ગોવિંદ વરસાણી જન્મદિવસ નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - ભક્તિનગર-માનકુવા

RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2024-2026
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2026/UPTO 31-12-2026



ભુજ મંદિર સંચાલિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન - નડિયાદના દશાબ્દી મહોત્સવની પત્રિકા અર્પણ કરતા સત્સંગ ભવન સંચાલન સમિતિ તથા યજમાનો - ભુજ



શ્રીહરિ તપોવન ગુરુકુળ ગંગાજી રામપર - વેકરાના ૨૫ વર્ષ ઉપક્રમે આયોજિત સંસ્કાર પર્વ મહોત્સવનું આમંત્રણ આપતા મંડળના અધ્યક્ષ તથા સંચાલક સંતો સાથે મંડળના સંતો તથા સમિતિ સભ્યો - ભુજ





શ્રી સ્વામિનારાયણ મંદિર, મુંદ્રાના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદી સંતો તથા શ્રી ઠાકોરજી- મુંદ્રા



ભુજ મંદિરના નવા બે સંત ભાગવતી દીક્ષા ગ્રહણ કરી સંતપંક્તિમાં જોડાયા છે.
સ્વામી નીલકંઠવલ્લભદાસજી
સ્વામી કૃષ્ણવત્સલદાસજી



ઇસ્ટ આફ્રિકાના ઉદ્યોગપતિ, મહંત સ. ગુ. સ્વામી હરિસ્વરૂપદાસજીના કૃપાપાત્ર પ. ભ. નરેન્દ્રભાઇ રાવલ તથા એમના સુપુત્ર દેવરથ ભુજ શ્રી નરનારાયણદેવનાં દર્શને પધાર્યા ત્યારે આશીર્વાદ આપતાં પ. પૂ. મહંત સ્વામી આદી સંતો- ભુજ